• RNI NO. GUJMUL/2020/81390
• Language : Gujarati / Hindi / English

ફૂડ ઈન્ડસ્ટ્રીઝની અવનવી વાત

ફૂડની વાત

(માસિક)

• Year : 06 • Continue Issue : 72 • Date : 10-09-2026 • Page : 32 • Retail Rs. 40/- • Annual Sub. Rs. 400/- • Mo. +91 75758 30309



FOOD LABORATORY

સુરક્ષિત ખોરાકનો અદ્રશ્ય રક્ષક

@foodnivaat


Food Processing Machinery &
Hotel Catering Equipment
Leenova®
Food Processing Machinery
1 HP 2 HP 3 HP 5 HP 7 HP
Gravy Machine
2 HP 3 HP 5 HP 7.5 HP
2 in 1 Pulverizer
Round
Heavy Duty Mixer
1 HP 2 HP
Onion Cutter
Cabbage Cutter
Regular Deluxe 1 HP
Vegetable Cutter
2 Kg. 15 Kg. 5 Kg. 20 Kg. 10 Kg. 25 Kg. 2 Kg. 10 Kg. 5 Kg. 15 Kg.
Flour Kneading SS Body
7 Kg. 20 Kg. 12 Kg. 30 Kg. 50 Kg.
Drum Type Dough Kneading
Electric
Dough Ball Cutting Machine
Roti Pressing Machine
Capacity : 800-1000 Roti Per Hour
Big
Auto. Roti Making Machine
L TYPE FLOWER TYPE
5 Kg. 15 Kg. 10 Kg. 20 Kg.
Besan Mixing
7" 9" 10.5"
Farsan Machine
Jumbo Small
Fafda Machine
Table Top / With Stand
Electric Kadai
1.5 Feet 2 Feet 3 Feet 5 Feet
Namkeen Masala Mixer
Tilting 18" x 18" 24" x 24" 30" x 40"
Regular 18" x 18" 32" x 32"
Coating Pan
5 Kg. 10 Kg. 15 Kg. 20 Kg. 25 Kg. 50 Kg.
Potato Peeler
3 Die
Potato Slicer
Tilting Regular
Dryer
3 Die Round Oval Long Patta Regular
Banana Wafer
Dryfruit Tukda
Dryfruit Chips & Powder
Kaju Musti Machine
Regular Tilting
Milk Khoya Machine
2 Feet 4 Feet 3 Feet 5 Feet
Halwa Machine
Laddu Making Machine
Jamun Ball Making Machine
6 Tray 8 Tray 10 Tray 12 Tray
Steam Dhokla / Idli
Wet Dal Machine
Kadukas & Bhukka
Eco Compaq
Sugar Cane Juice Machine
Engine Type
Sugar Cane Juice Without Motor
50 Kg. / 200 Kg. / 400 Kg.
Mango Juicer
Hand Operated Orange
Juicer
400 W 1200 W 2000 W
Oil Maker Machine
SCAN QR DOWNLOAD CATALOGUE
Leenova Kitchen Equipments Pvt. Ltd.
AN ISO 9001:2015 CERTIFIED COMPANY
Survey No. 315 P1 & 315 P2, Plot No. 1 & 2, Nr Umiya Industrial Zone-5,
Rajkot Gondal National Highway, Ribda, Rajkot-360311. Gujarat (India)
Mo. +91-99253 12341, 99253 12342
leenovakitchenequipment@gmail.com
www.leenovakitchenequipments.com
follow us on
SCAN QR YOU TUBE VIDEO

स्वाद जो हमेशा रहे याद !
वर्धमान हींग
સ્વાદની સુગંધ
MANUFACTURER OF ALL TYPES OF HING POWDER, HING RAS & SUPPLIER OF RAW HING
एक चुटकी बनाये खाना मजेदार....
For Trade Inquiry
NAISHAL SHAH : 94264 99144
- આથાણા, પાપડ, નમકીન, ફરસાણ તથા ઘર વપરાશ માટેની સ્પેશીયલ સ્ટ્રોંગ હિંગના ઉત્પાદક.
- કેટરર્સ અને હોટલો માટે મોટા પેકીંગમાં પણ હિંગ ઉપલબ્ધ છે.

ENVITRO GROUP OF COMPANIES
Envitro LABORATORIES ESTD. 2007
THE LEADING EDGE IN SCIENCE
ENVITRO ના In-House Lab Setup થી તમારી Product ની Quality અને Taste માં સુધારો કરો
In-House Lab થી તમને મળતા ફાયદા:
તમારા પ્રોડક્શન નું Real-Time Testing
સુધારા માટે નિર્ણય લેવાની ક્ષમતા
ખર્ચ માં બચત
ગુણવતા નું પ્રમાણ જાળવવું
Industries ને Real-Time Testing Quality યુક્ત Product થી સશક્ત બનાવીએ.
Envitro Laboratories Pvt. Ltd.
6- Naval Nagar, Mavdi Main Road, Rajkot(Guj)-360004
Connect With Us :
+91 73596 27270
+91 92271 33993

ગુજરાતના સુપ્રસિધ્ધ ઘઉંના ખીચીયા પાપડ
માવડી પાપડ
ફક્ત ₹- 3/-*
રेग्युलर जीरा
मरी मसाला
અમારી પ્રોડક્ટ
રેગ્યુલર સાદા પાપડ
રેગ્યુલર જીરા પાપડ
બાજરી મસાલા પાપડ
મરી મસાલા પાપડ
જીરા રાઈસ ચોખા પાપડ
અડદ પાપડ
VOCAL FOR LOCAL
Customer Care
85 11 34 34 66 | 95 37 00 29 25
ગુજરાતના દરેક સેન્ટરમાં ડિસ્ટ્રીબ્યુટર નીમવાના છે...
*condition apply

fssai
LIC NO. 10724039000141
Food Safety and Standards Authority of India

Krutika® ENTERPRISE

A LEADING MANUFACTURER & EXPORTER OF

MOTICHUR BOONDI LADDU DANA

મોતીચુરના તૈયાર દાણા

HIGH QUALITY PRODUCTS
EXPORT QUALITY
HIGH QUALITY PRODUCTS

કૃતિકા સ્વીટ ગાર્ડ

કાજુની/ માવાની/ દુધની/ મેંદાની/ બેસનની મીઠાઈને ચોમાસાની ઋતુમાં વાતાવરણ સામે ફુગથી રક્ષણ આપે છે અને મીઠાઈની આયુષ બમણી કરે છે. તેમજ મીઠાઈને સોફ્ટ રાખે છે. મીઠાઈ સુકાતી નથી. મીઠાઈ માંથી મોઈસ્ચર છુટતું નથી.

AVAILABLE IN
1kg | 2kg | 20kg Pack

કૃતિકા ગુલાબ જામુન પ્રો

- જાંબુમાં ચીકાશનું પ્રમાણ વધારે છે.
- જાંબુને સોફ્ટ તથા મુલાયમ બનાવે છે.
- જાંબુમાં જાળી પાડે છે.
- જાંબુની ગોળીને ફાટવાથી બચાવે છે.

AVAILABLE IN
1kg | 2kg | 20kg Pack

+91 9925513301

QUALITY PRODUCE INDIA

R M DAVE
(owner)

SHIVAM ELECTRICALS PANCH SEAL™
Plastic Packaging Machinery
Mo. 98245 11744, 98243 29428, 98240 29576
દરેક પ્રકારના સીલીંગ તથા પેકીંગ મશીનની વિશાળ રેન્જ
દહીં, લસ્સી, કોલ્ડ્રીંક્સ માટે ગ્લાસ પેકીંગ મશીન
રેસ્ટોરન્ટ તથા હોટલ માટે ફૂડ થાલી પેકીંગ મશીન
Continuous Bag Sealer
Hand Sealing
Shrink Machine Mini
Shrink Machine Compact
Shrink Machine Heavy
Box Strapping Machine
Continuous Band Sealer Vertical
Vertical Continuous Sealer Machine
Cap Sealer Machine
Conveyor
Pedal Sealing Machine
2/3, Patel Nagar, Opp. Abhilasha Interior Mall, Nr. Sorathiyawadi Chowk, 80 Feet Road Rajkot. Email : info@panchseal.com Web : www.panchseal.com

તુકારામ મુંઢે : ખાદ્ય સુરક્ષા પ્રત્યે કર્તવ્યનિષ્ઠ FDA અધિકારી

આજના સમયમાં ફૂડ ઇન્ડસ્ટ્રી ખૂબ ઝડપથી વિકસી રહી છે. સ્ટ્રીટ ફૂડથી લઈને ફાઈવ સ્ટાર હોટલ સુધી, નાની ફૂડ સ્ટોલથી લઈને આંતરરાષ્ટ્રીય ફૂડ ચેઈન સુધી અને ઘરેલુ ઉત્પાદનોમાંથી લઈને પેકેજડ ફૂડ સુધી-ખાદ્ય વ્યવસાયનું ક્ષેત્ર સતત વિસ્તરી રહ્યું છે. પરંતુ આ વિકાસની સાથે એક સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન પણ ઊભો થાય છે-શું આપણે જે ખાઈ રહ્યા છીએ તે ખરેખર સુરક્ષિત છે?

ખોરાકનો સ્વાદ જેટલો મહત્વપૂર્ણ છે, તેટલી જ તેની ગુણવત્તા, સ્વચ્છતા અને સલામતી પણ જરૂરી છે. આ જ મુદ્દાને કેન્દ્રમાં રાખીને મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)ના કમિશનર IAS તુકારામ મુંઢે છેલ્લા કેટલાક મહિનાઓથી દેશભરમાં ચર્ચાનો વિષય બન્યા છે.

તેમની કડક કાર્યશૈલી, અચાનક તપાસ, નિયમોના અમલ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને 'કોઈ પણ કાયદાથી ઉપર નથી' જેવા અભિગમે ફૂડ ઇન્ડસ્ટ્રીમાં એક નવી ચર્ચા શરૂ કરી છે. તુકારામ મુંઢે માત્ર એક સરકારી અધિકારી તરીકે નહીં, પરંતુ આજે ફૂડ સેફ્ટી અને કન્ઝ્યુમર હેલ્થ પ્રોટેક્શનના મજબૂત ચહેરા તરીકે ઓળખાઈ રહ્યા છે.

તાજેતરની કાર્યવાહી દરમિયાન મહારાષ્ટ્ર FDAએ અનેક પ્રકારના ફૂડ વ્યવસાયો, રેસ્ટોરન્ટ્સ, હોટેલ કિચન અને ફૂડ સપ્લાય ચેઈનની તપાસ કરી છે. મુંઢેના નેતૃત્વ હેઠળ ખાદ્ય સુરક્ષા નિયમોના અમલને વધુ સક્રિય બનાવવામાં આવ્યો છે.

તેમની ઓળખ હંમેશા એક એવા અધિકારી તરીકે રહી છે જે નિર્ણય લેતા પહેલાં અનેક પ્રકારના દબાણો કે લોકપ્રિયતાનો વિચાર કરતા નથી. નિયમોનું પાલન અને જાહેરહિત તેમની કાર્યશૈલીના મુખ્ય આધારસ્તંભ રહ્યા છે.

તેમના લાંબા પ્રશાસનિક કારકિર્દી દરમિયાન અનેક વખત ટ્રાન્સફર થયા હોવા છતાં તેમણે દરેક જવાબદારીમાં પોતાની અલગ

ઓળખ ઉભી કરી છે. મહારાષ્ટ્રમાં તેઓ એક કડક, નિર્ભય અને શિસ્તબદ્ધ અધિકારી તરીકે જાણીતા રહ્યા છે. વિવિધ અહેવાલો મુજબ, તેમની કાર્યશૈલીને કારણે તેઓ ઘણી વખત ચર્ચામાં રહ્યા છે, પરંતુ તેમની પ્રામાણિકતા અંગે સામાન્ય રીતે પ્રશ્નો ઓછા ઊભા થયા છે.

FDAમાં નવી જવાબદારી અને નવી દિશા :

મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના કમિશનર તરીકે જવાબદારી સંભાળ્યા બાદ તુકારામ મુંઢેએ ખાદ્ય સુરક્ષા ક્ષેત્રને નવી ગતિ આપી છે. તેમની કામગીરીનો મુખ્ય ઉદ્દેશ માત્ર દંડાત્મક કાર્યવાહી કરવાનો નથી, પરંતુ ફૂડ બિઝનેસમાં જવાબદારી અને નિયમપાલનની સંસ્કૃતિ ઉભી કરવાનો છે.

FDAનું કામ માત્ર ભેળસેળવાળો ખોરાક પકડવાનું નથી. પરંતુ ઉદ્યોગકારોને યોગ્ય માહિતી દ્વારા ફૂડ સેફ્ટી પ્રત્યે જાગૃત કરવાનો છે. આજના સમયમાં ફૂડ સેફ્ટીનો વ્યાપ ઘણો વિશાળ બની ગયો છે.

તેમાં સામેલ છે, કિચનની સ્વચ્છતા, કાચા માલની ગુણવત્તા, ફૂડ સ્ટોરેજ, યોગ્ય તાપમાનનું જાળવણી, કર્મચારીઓની વ્યક્તિગત સ્વચ્છતા, એક્સપાયરી ડેટનું પાલન, યોગ્ય લેબલિંગ, ફૂડ લાઈસન્સ, પેકેજિંગની ગુણવત્તાની સાથે સાથે ગ્રાહકોને સુરક્ષિત ખોરાક પહોંચાડવાની જવાબદારી વગેરે...

તુકારામ મુંઢેની કામગીરીએ ખાસ કરીને આ મુદ્દાઓને સામાન્ય જનચર્ચાનો વિષય બનાવ્યા છે. તેને હંમેશા યોગ્ય કાર્યવાહી દ્વારા અવેરનેસ લાવવાનું કાર્ય કરેલ છે. તેમજ તેઓ કહે છે કે 'મોટી બ્રાન્ડ' હોવું કાયદાથી ઉપર હોવાનો પરવાનો નથી.

ફૂડ ઇન્ડસ્ટ્રી માટે તુકારામ મુંઢેની કાર્યશૈલીનો સૌથી મોટો સંદેશ કદાચ આ છે કે બ્રાન્ડની લોકપ્રિયતા અને કાયદાનું પાલન બે અલગ બાબતો છે. કોઈ રેસ્ટોરન્ટ ૧૦૦ વર્ષ જૂનું હોય, કોઈ હોટલ ખૂબ જ પ્રતિષ્ઠિત હોય અથવા કોઈ ફૂડ બ્રાન્ડ કરોડો ગ્રાહકો ધરાવતી હોય, પરંતુ જો ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોનું પાલન ન થાય તો કાર્યવાહી થઈ શકે છે.

આ અભિગમે ફૂડ બિઝનેસ સાથે જોડાયેલા લોકો માટે એક મહત્વપૂર્ણ સંદેશ આપ્યો છે કે માત્ર સ્વાદિષ્ટ ખોરાક પીરસવો પૂરતો નથી. ગ્રાહકને સુરક્ષિત અને સ્વચ્છ ખોરાક

ફરસાણ તથા નમકીનના વેપારીઓ માટે ખાસ...
Gyan® Wafers & Namkeen
» સ્પે. બટેટા વેફર
» સ્પે. ફરાળી ચેવડો
» સ્પે. બટેટા સલી
(Medium, Naylon, Golden)
» સ્પે. મસાલા શીંગ
Bulk Packing as per Customer Requirement...
Mfg. by : Jagdish GRUH UDHYOG
Call : +91 98241 48748, +91 97149 99682

ફૂડનો વ્યવસાય માત્ર નફાનો નહીં, પણ લોકોના સ્વાસ્થ્ય પ્રત્યેની જવાબદારીનો વ્યવસાય છે

RNI NO. : GUJMUL/2020/81390

A Talk About Food Industry
FOOD NI VAAT®

Follow : Food Ni Vaat

Year : 6 | Issue : 72
10 - September - 2026
Page : 32
Retail Price : Rs. 40/-
Annual Subscription
1 Year Rs. 400/-
2 Year Rs. 700/-

Editor - Printer - Publisher - Owner
Pilojpara Mayur Pragjibhai

Subscription - Advertisement
Contact : +91 75758 30309

Legal Advisor
Bhavesh R. Hapaliya
(Advocate - Notary Gujarat High Court)

Head Office
FOOD NI VAAT
"Ishavashyam", 10-Rajaram Society,
B/h. Maharaha Pratap Community Hall,
Sant Kabir Road, Rajkot-360003 (Gujarat).
Contact No. +91 75758 30309
Email : foodnivaat@gmail.com
Web : www.foodnivaat.com

વિજ્ઞાપન દાતા માટે ખાસ :
૧૮ જુન ૨૦૨૪થી સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ અખબાર/ન્યુઝપેપરમાં જાહેર ખબર પ્રકાશિત કરવા માટે સેલ્ફ ડેકરેશન સર્ટીફિકેટ રજુ કરવું અનિવાર્ય છે.
જેમાં અમુક પ્રકારના શબ્દો ઉપયોગ ન કરવો હિતાવહ છે. તેમજ અમુક પ્રકારના શબ્દોના ઉપયોગની ન કરવા જાણ કરવામાં આવી છે. તેમજ ૧૦૦ ટકા, ગેરેન્ટી કે ખાત્રીપૂર્વક, ડિસ્કાઉન્ટ, સચોટપણે, ફ્રી, દેશ-રાજ્ય કે ગામ-શહેરમાં પ્રથમ આ પ્રકારના શબ્દો સાથે વ્યક્તિ, પ્રોડકટ કે પેઢી દર્શાવતી વખતે જે તે જાહેરાત આપનારે સેલ્ફ ડેકરેશન સર્ટીફિકેટ આપવું ફરજીયાત રહશે. તેમજ આ પ્રકારની જાહેરખબર સરકારની વેબસાઇડ પર અપલોડ કરીને જાણ કરવાની રહશે.

ખાસ નોંધ : ફૂડની વાત માસિકમાં છાપવામાં આવતી માહિતી, લેખો તથા રીત અમને મળેલ માહિતીને આધારે છાપવામાં આવે છે. આ માસિકપત્ર સાથે જોડાયેલા કોઈ પણ વ્યક્તિઓ સમાચાર પત્રમાં રહેલી ભાષાકીય, પ્રિન્ટીંગ અથવા કાયદાકીય ભૂલ માટે જવાબદાર નથી. જે તે વ્યક્તિએ માહિતી લેખ કે કોઈપણ પ્રકારના નાણાંકિય બાબત કે રીતનો ઉપયોગ/વ્યવહાર કરતાં પહેલા પૂરેપૂરી ચકાસણી કરવી. નહીતર માહિતી, લેખ, જાહેરાત કે રીત દ્વારા કોઈપણ વ્યક્તિ ગેરમાર્ગે દોરાઇ તો તેની જવાબદારી જે તે વ્યક્તિની રહેશે.

The opinions expressed in the articles are of the author and do not necessarily reflect those of editor or publishers they do not accept any responsibility to this effect.

Subject to Rajkot Jurisdiction

આપવો એ પણ એટલી જ મોટી જવાબદારી છે.

તાજેતરના મહિનાઓમાં મહારાષ્ટ્ર FDAની તપાસ અને કાર્યવાહી મોટા તેમજ નાના ફૂડ વ્યવસાયોને આવરી લેતી રહી છે, જેના કારણે ફૂડ સેફ્ટી નિયમો પ્રત્યે વધુ જાગૃતિ જોવા મળી છે.

એક્સપાયરી ડેટ સાથે છેડછાડ એ ફૂડ સેફ્ટીનો ગંભીર મુદ્દો છે.

તાજેતરમાં મહારાષ્ટ્રમાં FDAની એક મહત્વપૂર્ણ કાર્યવાહીએ પેકેજ્ડ ફૂડની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા હતા. તપાસમાં જાણીતી બ્રાન્ડના કેટલાક પેકેજ્ડ ઉત્પાદનોની મેન્યુફેક્ચરિંગ અને એક્સપાયરી સંબંધિત માહિતીમાં કથિત રીતે છેડછાડ કરવામાં આવી હોવાનો મુદ્દો સામે આવ્યો હતો. આ કાર્યવાહી માત્ર એક કંપની સામેની કાર્યવાહી નહોતી, પરંતુ સમગ્ર ફૂડ સપ્લાય ચેઇન માટે ચેતવણી સમાન હતી.

કલ્પના કરો કે ગ્રાહક કોઈ પેકેટ ખરીદે અને તેના પર લખેલી મેન્યુફેક્ચરિંગ ડેટ, એક્સપાયરી ડેટ અથવા ન્યુટ્રિશન લેબલ પર વિશ્વાસ કરે. જો આ માહિતી સાથે છેડછાડ કરવામાં આવે તો ગ્રાહકના સ્વાસ્થ્ય અને વિશ્વાસ બંને સાથે ગંભીર છેતરપિંડી થઈ શકે છે. આ ઘટનાએ સ્પષ્ટ કર્યું કે ફૂડ સેફ્ટી માત્ર રેસ્ટોરન્ટની કિચન સુધી મર્યાદિત નથી. તે ઉત્પાદનથી લઈને પેકેજિંગ, સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટ અને ગ્રાહક સુધી પહોંચતી પહોંચતી સમગ્ર સપ્લાય ચેઇન સાથે જોડાયેલી છે.

ફૂડ બિઝનેસ માટે આત્મચિંતનનો સમય :

તુકારામ મુંઢેની કામગીરીને માત્ર 'રેઇડ' કે 'કાર્યવાહી' તરીકે જોવી યોગ્ય નથી. આ સમગ્ર ફૂડ ઇન્ડસ્ટ્રી માટે આત્મચિંતન કરવાનો સમય છે. દરેક ફૂડ બિઝનેસ ઓપરેટરે પોતાની જાતને કેટલાક પ્રશ્નો પૂછવા જોઈએ. જેમ કે,

શું અમારી કિચન ખરેખર સ્વચ્છ છે ?

શું અમારા કર્મચારીઓ ફૂડ હાઇજીનના નિયમોનું પાલન કરે છે ?

શું અમે એક્સપાયર્ડ કાચા માલનો ઉપયોગ તો નથી કરતા ?

શું સ્ટોરેજ સિસ્ટમ યોગ્ય છે ?

શું ગ્રાહકને અમે જે ગુણવત્તાનું વચન આપીએ છીએ તે જ ગુણવત્તા આપી રહ્યા છીએ ?

શું અમારી પાસે જરૂરી ફૂડ લાઇસન્સ અને દસ્તાવેજો છે ?

જો દરેક ફૂડ બિઝનેસ આ પ્રશ્નોના સાચા જવાબ શોધવાનું શરૂ કરે તો માત્ર સરકારી તપાસનો ડર નહીં રહે, પરંતુ સમગ્ર ફૂડ ઇન્ડસ્ટ્રીની ગુણવત્તામાં સુધારો થઈ શકે છે.

કડક કાર્યવાહી સાથે જવાબદાર સિસ્ટમ પણ જરૂરી :

ખાદ્ય સુરક્ષા માટે કડક કાર્યવાહી જરૂરી છે, પરંતુ તેની સાથે પારદર્શિતા અને યોગ્ય પ્રક્રિયાનું પાલન પણ એટલું જ મહત્વપૂર્ણ છે. કોઈપણ નિયમનકારી તંત્રનો અંતિમ હેતુ માત્ર દંડ આપવાનો નહીં, પરંતુ લાંબા ગાળે સુરક્ષિત ફૂડ સિસ્ટમ ઊભી કરવાનો હોવો જોઈએ.

તુકારામ મુંઢેની કાર્યવાહી પર પ્રશંસા સાથે કેટલીક જગ્યાએ તેમની પદ્ધતિઓ અંગે ચર્ચા અને કાનૂની પ્રશ્નો પણ ઊભા થયા છે. આ બાબત આપણને યાદ અપાવે છે કે ફૂડ સેફ્ટીનું અમલીકરણ કડક હોવું જોઈએ, પરંતુ તે કાયદાકીય પ્રક્રિયા અને પારદર્શિતાની સાથે આગળ વધે તે પણ જરૂરી છે.

સાચા અર્થમાં સફળતા ત્યારે કહેવાય જ્યારે ફૂડ બિઝનેસ માલિકો FDAની તપાસના ડરથી નહીં, પરંતુ ગ્રાહકના સ્વાસ્થ્ય પ્રત્યેની જવાબદારીથી નિયમોનું પાલન કરવા લાગે.

ગ્રાહક પણ એટલો જ જવાબદાર :

ફૂડ સેફ્ટી માત્ર સરકાર કે FDAની જવાબદારી નથી. ગ્રાહકોની જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. તેથી ગ્રાહકોએ પણ હરહંમેશા માટે સજાગ રહેવું જોઈએ. ગ્રાહકે ફૂડ ખરીદતી વખતે પ્રોડક્ટ બાબતે જાણવું જોઈએ જેમ કે,

એક્સપાયરી ડેટ તપાસવી જોઈએ...

પેકેજિંગની સ્થિતિ જોવી જોઈએ...

અસ્વચ્છ સ્થળે ખાવાનું ટાળવું જોઈએ...

ગંભીર ખામી જણાય તો સંબંધિત વિભાગને જાણ કરવી જોઈએ...

ફૂડ લેબલ વાંચવાની આદત વિકસાવવી જોઈએ...

જ્યારે જાગૃત ગ્રાહક અને જવાબદાર ફૂડ બિઝનેસ સાથે આવે ત્યારે જ સાચી ફૂડ સેફ્ટી કલ્ચર વિકસે છે.

નિષ્કર્ષ :

'ખોરાકમાં વિશ્વાસ સૌથી મોટી બ્રાન્ડ છે'

તુકારામ મુંઢે આજે માત્ર એક FDA અધિકારી નથી રહ્યા પરંતુ ફૂડ સેફ્ટી અંગે તેમની કામગીરીએ એક મોટો પ્રશ્ન દેશ સામે મૂક્યો છે- શું આપણે સ્વાદ પાછળ દોડતા દોડતા સુરક્ષિત ખોરાકને ભૂલી રહ્યા છીએ ?

એક ફૂડ બ્રાન્ડની સફળતા માત્ર તેની સેલ્સથી માપી શકાતી નથી. તેની સફળતા એમાં છે કે ગ્રાહક તેની પ્રોડક્ટ પર આંખ બંધ કરીને વિશ્વાસ કરી શકે.

ફૂડ ઇન્ડસ્ટ્રી માટે સૌથી મોટું માર્કેટિંગ 'સ્વાદ' હોઈ શકે છે, પરંતુ સૌથી મોટી બ્રાન્ડ વેલ્યુ હંમેશા 'વિશ્વાસ' હોય છે.

તુકારામ મુંઢેની કડક કાર્યશૈલી આપણને એક અત્યંત મહત્વપૂર્ણ સંદેશ આપે છે 'ખોરાક વેચવો એક વ્યવસાય છે, પરંતુ સુરક્ષિત ખોરાક આપવો એક જવાબદારી છે.'

આજના સમયમાં જ્યારે ફૂડ ઇન્ડસ્ટ્રી ઝડપથી બદલાઈ રહી છે, ત્યારે સ્વચ્છતા, ગુણવત્તા અને ફૂડ સેફ્ટીને માત્ર કાયદાકીય ફરજ નહીં પરંતુ બિઝનેસની મૂળભૂત સંસ્કૃતિ બનાવવી પડશે. કારણ કે અંતે ગ્રાહક માત્ર સ્વાદ ખરીદતો નથી તે પોતાના માટે અને એમના પરિવારના સ્વાસ્થ્ય માટે તમારો વિશ્વાસ ખરીદે છે. તેથી એમના આ વિશ્વાસને જાળવી રાખવો આપણી નૈતિક જવાબદારી છે.

ગામડાના રસોડાઓથી લઇને ભોજનપ્રેમીના મેનુઓ સુધી

ભારતના ભૂલી ગયેલા ખોરાક ફરી ટ્રેન્ડમાં

પાર્ટ-૨ : આજે, મિલેટ્સ નવા મહત્વ સાથે પરત ફરી રહી છે. પોષણશાસ્ત્રીઓ ફાઇબર, આયર્ન, મેગ્નેશિયમ અને વનસ્પતિ પ્રોટીનથી ભરપૂર હોવા બદલ તેમની પ્રશંસા કરે છે. મિલેટ્સની ઘણી જાતોમાં ગ્લાયકેમિક ઇન્ડેક્સ પણ ઓછો હોય છે, જે તેમને ડાયાબિટીસ અને વજન સંબંધિત ચિંતાઓનું સંચાલન કરતા લોકો માટે આકર્ષક બનાવે છે. તેમનું પર્યાવરણીય મૂલ્ય પણ એટલું જ મહત્વનું છે. મિલેટ્સ એ આબોહવા-સ્થિતિસ્થાપક પાક છે જે મર્યાદિત પાણી સાથે નબળી જમીનની સ્થિતિમાં ઉગાડી શકાય છે. જેમ જેમ ભારત વધતા તાપમાન અને પાણીની અછતનો સામનો કરી રહ્યું છે, તેમ તેમ આ અનાજ ટકાઉ ખેતી માટે મહત્વપૂર્ણ બની રહ્યા છે.

આધુનિક ખાદ્ય ઉદ્યોગે આ વલણને ઝડપથી અપનાવ્યું છે. મિલેટ્સ આધારિત નાસ્તાના અનાજ, નૂડલ્સ, કૂકીઝ, નાસ્તા, ઢોસા મિક્સ અને એનર્જી બાર હવે વ્યાપકપણે ઉપલબ્ધ છે. ઉચ્ચ કક્ષાના રેસ્ટોરાં મિલેટ્સ રિસોટ્ટો, મિલેટ્સ સલાડ અને મિલેટ્સ મીઠાઈઓ સાથે પ્રયોગ કરી રહ્યા છે, જે એક સમયે નિમ્ન ખોરાક માનવામાં આવતો હતો તેને પ્રીમિયમ ભોજનમાં રૂપાંતરિત કરી રહ્યા છે.

૨૦૨૩ ને આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ તરીકે જાહેર કરવાથી જાગૃતિ વધુ વેગ પામી અને ખેડૂતો અને ગ્રાહકો બંનેને આ પ્રાચીન અનાજની ફરી મુલાકાત લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. મિલેટ્સના પુનરાગમનને ખાસ કરીને મહત્વપૂર્ણ બનાવતી બાબત એ છે કે તે એક શક્તિશાળી ચળવળમાં પરંપરા, પોષણ અને ટકાઉપણુંને જોડે છે.

જેકફ્રૂટ : ગ્રામીણ મુખ્ય ફળ વૈશ્વિક વેગન સ્ટાર બન્યું

પેઢીઓથી, જેકફ્રૂટ ભારતીય ઘરોમાં, ખાસ કરીને કેરળ, કર્ણાટક, તમિલનાડુ, મહારાષ્ટ્ર, આસામ અને પશ્ચિમ બંગાળમાં એક પરિચિત દૃશ્ય હતું. આ ફળ તેની વૈવિધ્યતા માટે મૂલ્યવાન હતું. પાકેલા જેકફ્રૂટને તાજા ખાવામાં આવતા હતા અથવા મીઠાઈઓમાં ઉપયોગમાં લેવાતા હતા, જ્યારે કાચા જેકફ્રૂટને કરી, ચિપ્સ, અથાણાં અને સ્ટિર-ફ્રાઈસમાં રાંધવામાં આવતા હતા. તેમ છતાં, તેનો વ્યાપક પરંપરાગત ઉપયોગ હોવા છતાં, જેકફ્રૂટને ક્યારેય વ્યાપારી ફળોની પ્રતિષ્ઠા મળી ન હતી. વૈશ્વિક સ્તરે, જેકફ્રૂટ સૌથી વધુ ચર્ચાસ્પદ વનસ્પતિ આધારિત ખોરાકમાંનું એક બની ગયું છે. વેગન અને શાકાહારી સમુદાયોએ જેકફ્રૂટની વાનગીઓ ઉપયોગ કરવાનું શરૂ કર્યું.

ભારતીય સ્ટાર્ટઅપ્સ અને ફૂડ બ્રાન્ડ્સે ઝડપથી તકને ઓળખી લીધી. રાંધવા માટે તૈયાર જેકફ્રૂટ કરી, ફ્રોઝન જેકફ્રૂટ ઉત્પાદનો, ચિપ્સ, લોટ અને પેકેજ્ડ વેગન ભોજન હવે વધુને વધુ સામાન્ય બની રહ્યા છે. જેકફ્રૂટનું પુનરાગમન એક મહત્વપૂર્ણ ટકાઉપણું લાભ પણ પ્રકાશિત કરે છે. આ ફળ ઉષ્ણકટિબંધીય આબોહવામાં પુષ્કળ પ્રમાણમાં ઉગે છે, ઘણીવાર વ્યાપારી પાક કરતાં ઓછા રાસાયણિક ઇનપુટ્સની જરૂર પડે છે. ઘણા પ્રદેશોમાં, જેકફ્રૂટના ઝાડ ઓછામાં ઓછી જાળવણી સાથે કુદરતી રીતે ઉગે છે. પોષણની દ્રષ્ટિએ, જેકફ્રૂટ ફાઇબર, એન્ટીઑક્સિડન્ટ, પોટેશિયમ અને વિટામિન્સ પ્રદાન કરે છે. તેના બીજ, પરંપરાગત રીતે શેકેલા અથવા કરીમાં ઉમેરવામાં આવે છે, તે પોષક તત્વો અને પ્રોટીનથી પણ સમૃદ્ધ હોય છે.

આજે શેફ જેકફ્રૂટને આશ્ચર્યજનક રીતે ફરીથી શોધી રહ્યા છે - ટાકો અને બર્ગરથી લઈને બિરયાની અને સ્વાદિષ્ટ એપેટાઇઝર સુધી. જેને એક સમયે ગામડાનું ફળ તરીકે અવગણવામાં આવતું હતું તે હવે આંતરરાષ્ટ્રીય મેનુઓ અને સુખાકારી-કેન્દ્રિત ફૂડ પ્લેટફોર્મ પર દેખાઈ રહ્યું છે.

કોકમ : દરિયાકાંઠાનો ખાદ્ય ઘટક નવી લોકપ્રિયતા મેળવી રહ્યો છે

ભારતના કોંકણ દરિયાકાંઠે, કોકમનો ઉપયોગ સદીઓથી કરી, પાચક પીણાં અને પરંપરાગત ઉપચારમાં કરવામાં આવે છે. ગાર્સિનિયા ઇન્ડિકા વૃક્ષના ફળમાંથી કાઢવામાં આવેલું, કોકમ ઘેરો જાંબલી રંગ અને આમલી જેવો જ સ્વાદ ધરાવે છે. તટીય વાનગીઓમાં તેનું મહત્વ હોવા છતાં, કોકમ ઘણા વર્ષોથી મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક અને ગુજરાતના ભાગોની બહાર પ્રમાણમાં અજાણ્યું રહ્યું છે. કોકમને પરંપરાગત રીતે આયુર્વેદમાં તેના ઠંડક ગુણધર્મો અને પાચન લાભો માટે મૂલ્ય આપવામાં આવ્યું છે. ગરમ દરિયાકાંઠાના પ્રદેશોમાં, ડિહાઇડ્રેશન અને ગરમી-સંબંધિત થાકને રોકવા માટે ઉનાળા દરમિયાન કોકમ શરબતનું સેવન સામાન્ય રીતે કરવામાં આવતું હતું.

આધુનિક ગ્રાહકો ખાંડવાળા સોફ્ટ ડ્રિંક્સ અને કૃત્રિમ સ્વાસ્થ્ય પીણાંના કુદરતી વિકલ્પો શોધી રહ્યા છે. પરિણામે, કોકમ-આધારિત રસ, કોન્સન્ટ્રેટ્સ, અને સ્પાર્કલિંગ ડ્રિંક્સએ દૃશ્યમાનતા મેળવી છે. રેસ્ટોરન્ટ્સ અને રસોઇયાઓ પણ કોકમની રાંધણ વૈવિધ્યતાને ફરીથી શોધી રહ્યા છે. તે કરી, સીફૂડ ડીશ, દાળ અને ચટણીમાં અન્ય સ્વાદોને દબાવ્યા વિના ઊંડાણ અને એસિડિટી ઉમેરે છે. તેનું પુનરાગમન ભારતીય ખાદ્ય સંસ્કૃતિમાં એક મોટા વલણને પ્રતિબિંબિત કરે છે.

વધુ આવતાં અંકે...

Smart Solutions for your Business

FOOD ANALYSIS SERVICES (NABL-LAB)

- Food Sample Testing As Per Fssai Standard
- Water Sample Testing As Per IS 10500 Standard
- Packged Drinking Water Testing IS 14543 Standard
- Packging Material Food Grade Certificate & Migration Report
- Laboratory Set Up & Chemical Supply
- Lab Instrument Calibration

Audit & Training

- FSSAI Act Third Party Audit
- FSSAI Fostec Training
- Hygiene Rating Audit
- Quality Control Training

License / Certification

- FSSAI Cent/State License
- APEDA - ISO - USFDA
- Trademark Registration
- Fssai Legal Liason Services

PANCHAL ASSOCIATES

Opp. Education Talim Bhavan, Gota - Ognaj Road, Gota, Ahmedabad.
email : infopanchalasso@gmail.com

Contact : +91 97149 67676

શ્રીજી

Alpesh Jadvani
+9194273 53407
+9194290 53407

Jagdishbhai Jadvani
+9194280 60905



ROMAN GOODS LIFT

Mfg.
- Goods Lifts
- Cranes
- Fabrication

Jay Sardar Industrial Park, 1, Opp. Globe Transport Service, Dhebar Road (south), Rajkot.

UDAY®
FOOD PROCESSING MACHINERY
M.M.INDUSTRIES

Food Processing Machinery Kitchen Equipments

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

Atika 4/10, Dhebar Road (South), Weldor Street,
Nr. Chetan Machine Tools, Rajkot - 360002. (Guj.) India.
mmind093@gmail.com

+91 97277 21680
+91 98248 27201
+91 90816 01010

Follow Us On :

www.mmfoodmachinery.com | www.mm-industries.in | www.mmindustries.co.in

हमारी सब मशीनरी की लाइव डेमो YouTube पे देख सकते हो। Uday Food Machinery

Monarch®
PLANET OF PACKAGING MACHINERY
છેલ્લા ૩૫ વર્ષથી ગુજરાતની નંબર વન બ્રાન્ડ
SINCE 1990
PROTECT YOUR PRODUCT
enhance value
Hand Sealer
Liquid Sealer
Cap Sealer
Foot Sealer
Pneumatic Sealer
Continuous Bag Sealer Horizontal
Complete Packaging solution
Monarch
Continuous Bag Sealer Vertical
Tray Sealer 5 Portion / 8 Portion
Vacuum Master
Shrink Wrapping Machine Compact
Shrink Wrapping Machine Mega / Hercules
Strapping Machine
Tapping Machine
Sleeve Wrapping Machine
L- Sealer Shrink Chamber (Combo)
Bottle Group Packing Machine
Pallet Wrapper
Innoseal Bag Closing System
Hot Air Gun
Induction Manual HH 500
Monarch Appliances Pvt. Ltd.
PLANET OF PACKAGING MACHINERY
Jeel Complex, 16- Vijay Plot, Gondal Road, RAJKOT - 360002. (INDIA)
Mo. : +91 90990 92584 / +91 90990 92891 / +91 90990 99762
Rajkot Showroom : 90990 92891
Ahmedabad : 99789 92581
Surat : 98252 15733

Rich The Line Of Machine...

Manufacturer of Food Processing Machinery & Hotel Catering Equipments

SCAN ME

CATALOGUE QR

Naylon Sev
Making Machine

Flour Kneading Machine

Fafda Machine

Farshan Machine

RICHLINE KITCHEN EQUIPMENT

Pavitram Ind. Area, B/h. Madhuvan Way Bridge, Opp. HP Petrol Pump, Lothada, Rajkot, Gujarat.

richlinekitchenequipment@gmail.com

www.richlinekitchenequipment.com

Contact us

+91 88497 75480

+91 91570 12379

ISO 9001 : 2015 CERTIFIED COMPANY

Follow us

ઊંઝાનું 'ગોલ્ડન ગ્રેઈન': વિશ્વમાં જીરું અને ઈસબગુલનું ગ્લોબલ કેપિટલ

APMC ઊંઝાની વૈશ્વિક નિકાસ ક્ષમતા, આધુનિક પ્રોસેસિંગ ટેકનોલોજી અને નેતૃત્વની સફળ ગાથા

ગૌરવની વાત

ફૂડ એક્સપોર્ટર્સ, ન્યુટ્રાસ્યુટિકલ ફોર્મ્યુલેટર્સ, એગ્રી-પ્રોસેસર્સ - કેટેગરી: એગ્રી-કોમોડિટી એન્ડ ઇન્ટરનેશનલ ટ્રેડ.

ઉત્તર ગુજરાતની ખમીરવંતી ભૂમિ પર આવેલું ઊંઝા આજે માત્ર સ્થાનિક કૃષિ બજાર નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે જીરું (Cumin) અને ઈસબગોલ (Psyllium Husk) નું અગ્રેસર સપ્લાય સેન્ટર છે. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) ઊંઝાના વ્યવસ્થાપકીય વિઝન અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરે વૈશ્વિક ફૂડ ચેઈનમાં ભારતનું સ્થાન મજબૂત કર્યું છે.

૧. ઊંઝા APMC : સ્થાનિક મંડીથી વૈશ્વિક પ્લેટફોર્મની અવિરત સફર

પરંપરાગત હાટડીઓ અને હરાજી વ્યવસ્થામાંથી પરિવર્તિત થઈને ઊંઝા APMC એ આજે દેશની સૌથી સંગઠિત અને આધુનિક મંડીઓમાં સ્થાન મેળવ્યું છે. ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના લાખો ખેડૂતો માટે ઊંઝા એક ભરોસાપાત્ર માર્કેટ યાર્ડ છે. ઈ-ઓક્શન, ચોક્કસ ગ્રેડિંગ પદ્ધતિ, વજનમાં ૧૦૦% ડિજિટલ પારદર્શિતા અને વિશાળ વેરહાઉસિંગ ક્ષમતાએ વૈશ્વિક બાયર્સનો વિશ્વાસ સંપાદિત કર્યો છે.

૨. વૈશ્વિક બજારમાં જીરું અને ઈસબગુલની વધતી માંગ :

આંતરરાષ્ટ્રીય સ્તરે ઉપભોક્તાઓ જ્યારે કુદરતી આરોગ્ય, ડાયેટરી ફાઈબર અને શુદ્ધ મસાલા તરફ વળ્યા છે, ત્યારે ઊંઝાના બે મુખ્ય કૃષિ પાકોની ભૂમિકા નિર્ણાયક બની છે:

ઈસબગુલ (Psyllium Husk) :

યુ.એસ. અને યુરોપના ફંક્શનલ ફૂડ માર્કેટમાં સાયલિયમ હસ્ક માત્ર દવા તરીકે નહીં, પરંતુ ગ્લુટેન-ફ્રી બેકરી, હાઈ-ફાઈબર સીરિયલ્સ અને ડાયેટરી સપ્લિમેન્ટ્સમાં પ્રીબાયોટિક ફાઈબર તરીકે અનિવાર્ય બન્યું છે. વિશ્વના કુલ ઈસબગુલ પ્રોસેસિંગમાં ઉત્તર ગુજરાત ૮૦% થી વધુ વૈશ્વિક જરૂરિયાત પૂરી પાડે છે.

જીરું (Cumin) :

મિડલ ઈસ્ટ, અમેરિકા અને યુરોપિયન દેશોમાં રેડી-ટુ-ઈટ (RTE), સીઝનિંગ્સ અને કલિનરી બ્લેન્ડ્સમાં ઊંઝાના શુદ્ધ અને સુગંધિત જીરાની વિશેષ માંગ રહે છે.

Dr. Mayurkumar Patel
Associate Professor
(Swaminarayan university, Kalol)

નેતૃત્વ અને દ્રષ્ટિકોણ : APMC ચેરમેન શ્રી દિનેશભાઈ એ. પટેલનું યોગદાન

માર્કેટ યાર્ડનું ડિજિટાઈઝેશન, ખેડૂતો માટે સુવિધા સભર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આંતરરાષ્ટ્રીય ટ્રેડર્સ સાથે સીધો સેતુ સ્થાપિત કરવામાં ચેરમેન શ્રી દિનેશભાઈ એ. પટેલનું માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યું છે. ચેરમેન શ્રી દિનેશભાઈ એ. પટેલના સક્ષમ અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ APMC ઊંઝાએ ઐતિહાસિક આર્થિક વિકાસ હાંસલ કર્યો વર્ષ ૨૦૧૮-૧૯ના રૂ. ૩,૮૩૮.૬૨ કરોડના ટર્નઓવરની સરખામણીમાં વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૭,૦૦૬.૦૩ કરોડનું વિક્રમજનક ટર્નઓવર પ્રાપ્ત કરીને યાર્ડે ૮૨.૫૧% ની અસાધારણ વૃદ્ધિ નોંધાવી છે. આ આંકડાઓ માત્ર માર્કેટ યાર્ડની નાણાકીય સફળતા જ નહીં, પરંતુ પારદર્શક વહીવટ, આધુનિક વેપાર પદ્ધતિઓ અને વૈશ્વિક બજારમાં ગુજરાતના ખેડૂતો તથા વેપારીઓના અતૂટ વિશ્વાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

Shri Dineshbhai Patel
Chairman : AMPC, Unjha, Gujarat.

૩. વૈશ્વિક સ્પર્ધાત્મકતા અને ભવિષ્યની દિશા :

આંતરરાષ્ટ્રીય બજારોમાં ટકી રહેવા માટે ઊંઝાના નિકાસકારો અને APMC દ્વારા પેસ્ટીસાઈડ રેસિડ્યુ લિમિટ્સ (MRL Compliance), ઓર્ગેનિક સર્ટિફિકેશન અને સપ્લાય ચેઈન ટ્રેસેબિલિટી (Traceability) પર વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે. ઊંઝા માત્ર કાચો માલ પૂરો પાડનારું કેન્દ્ર મટીને અદ્યતન એગ્રી-ટેક અને ન્યુટ્રાસ્યુટિકલ પ્રોસેસિંગ પાવરહાઉસ બની ચૂક્યું છે.

૪. પ્રોસેસિંગ ટેકનોલોજી અને હાઈ-વેલ્યુ એડિશન :

ઊંઝાના એગ્રો-પ્રોસેસિંગ એકમો હવે માત્ર સાદા ક્લિનિંગ સુધી સીમિત નથી રહ્યા, પરંતુ હાઈ-ટેક વેલ્યુ એડિશન તરફ વળ્યા છે વધુ માહિતી આ મુજબ છે...

ટેકનોલોજી/પ્રોડક્ટ	પ્રોસેસિંગ પદ્ધતિ	વૈશ્વિક ઉપયોગ અને મૂલ્ય
ઓપ્ટિકલ કલર સોર્ટેક્સ	હાઈ-રિઝોલ્યુશન કેમેરા બેઝ્ડ સોર્ટિંગ	૯૯.૫% થી ૯૯.૯% સુપર પ્યોરિટી ક્લીન સીડ્સ (EU/US નિકાસ માટે)
સ્ટીમ સ્ટરિલાઈઝેશન	હાઈ-ટેમ્પરેચર સ્ટીમ ટ્રીટમેન્ટ	માઈક્રોબાયલ લોડ ઘટાડી પેથોજેન-મુક્ત સુરક્ષિત મસાલા ઉત્પાદન
સાયલિયમ પાવડર	અલ્ટ્રા-ફાઈન માઈક્રોનાઈઝેશન	ફાર્માસ્યુટિકલ કેપ્સ્યુલ્સ, ન્યુટ્રીશનલ શેક્સ અને ફાઈબર ડ્રિંક્સ

FOOD LABORATORY
સુરક્ષિત ખોરાકનો અદ્રશ્ય રક્ષક

બીઝનેસની વાત

આધુનિક યુગમાં ખાદ્ય સુરક્ષા (Food Safety) અને ખાદ્ય ગુણવત્તા (Food Quality) એ માત્ર ઉત્પાદકો માટે જ નહીં પરંતુ દરેક ગ્રાહક માટે અત્યંત મહત્વના વિષયો બની ગયા છે. બજારમાં રોજબરોજ હજારો પ્રકારની ખાદ્ય ચીજવસ્તુઓ ઉપલબ્ધ છે, જેમાં દૂધ, મસાલા, તેલ, મીઠાઈ, નાસ્તા, પીણાં અને પેકેજ્ડ ફૂડનો સમાવેશ થાય છે. આવા સમયમાં ગ્રાહકો સુધી સુરક્ષિત, શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખોરાક પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે ફૂડ લેબોરેટરીની ભૂમિકા ખૂબ જ અગત્યની બની જાય છે.

ફૂડ લેબોરેટરી એ એવી વૈજ્ઞાનિક સંસ્થા છે જ્યાં ખાદ્ય પદાર્થોની વિવિધ પરીક્ષણો દ્વારા તેની ગુણવત્તા, શુદ્ધતા, પોષક મૂલ્ય અને સલામતીની ચકાસણી કરવામાં આવે છે. આજના સમયમાં ફૂડ લેબોરેટરી માત્ર એક પરીક્ષણ કેન્દ્ર નથી, પરંતુ સમગ્ર ફૂડ ઈન્ડસ્ટ્રી માટે વિશ્વાસનું પ્રતિક છે.

ફૂડ લેબોરેટરી શું છે?

ફૂડ લેબોરેટરી એ એવી સુવિધા છે જ્યાં વૈજ્ઞાનિક સાધનો અને ટેકનોલોજીની મદદથી ખાદ્ય પદાર્થોની તપાસ કરવામાં આવે છે. અહીં ખાદ્ય વસ્તુઓમાં રહેલા પોષક તત્વો, ભેળસેળ, બેક્ટેરિયા, ફંગસ, રસાયણો, ભારે ધાતુઓ અને અન્ય જોખમી તત્વોની ઓળખ કરવામાં આવે છે.

લેબોરેટરીમાં સામાન્ય રીતે નીચે મુજબના પરીક્ષણો કરવામાં આવે છેઃ

- માઇક્રોબાયોલોજીકલ ટેસ્ટિંગ
- કેમિકલ એનાલિસિસ
- ન્યુટ્રિશનલ એનાલિસિસ
- પેસ્ટિસાઇડ રેસિડ્યુ ટેસ્ટિંગ
- હેવી મેટલ ટેસ્ટિંગ
- વોટર ટેસ્ટિંગ
- ફૂડ એડિટિવ્સ અને પ્રિઝર્વેટિવ્સનું પરીક્ષણ

આ તમામ પરીક્ષણોનો મુખ્ય હેતુ ગ્રાહકોને સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ કરાવવાનો છે.

ફૂડ લેબોરેટરીના મુખ્ય પ્રકારો અને તેની કાર્યપદ્ધતિ : ખાદ્ય પરીક્ષણ પ્રયોગશાળાઓ મુખ્યત્વે ત્રણ સ્તરે કાર્ય કરે છે

સરકારી લેબોરેટરીઓ :

કાયદાકીય અમલીકરણ, બજારમાંથી શંકાસ્પદ નમૂના લઈ તપાસ કરવા અને ગુનેગારોને સજા આપવા માટે સરકાર દ્વારા કાર્યરત હોય છે.

ખાનગી-સ્વતંત્ર લેબોરેટરીઓ :

થર્ડ-પાર્ટી ઓડિટ, ગુણવત્તા પ્રમાણપત્ર આપવું (દા.ત. NABL એક્રેડિટેડ લેબ્સ) અને નિકાસ માલનું પરીક્ષણ વગેરે..

ઈન-હાઉસ ઈન્ડસ્ટ્રી લેબ્સ :

મોટી ફૂડ કંપનીઓ પોતાની લેબ, જે રો-મટીરિયલથી લઈ ફાઈનલ પેકિંગ સુધી દરેક બેચ તપાસે તપાસે છે. આજના સમયમાં ઈન હોઉસ લેબનું પ્રમાણ ખૂબ જ વધતું રહેલું છે.

ખાદ્ય સુરક્ષા માટે ફૂડ લેબોરેટરીનું મહત્વ :

વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) અનુસાર અસુરક્ષિત ખોરાકના કારણે દર વર્ષે લાખો લોકો બીમાર પડે છે. ખોરાકમાં રહેલા હાનિકારક બેક્ટેરિયા, વાયરસ, રસાયણો અને ભેળસેળ માનવ આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે.

ફૂડ લેબોરેટરી દ્વારા કરવામાં આવતા પરીક્ષણો આવા જોખમોને સમયસર ઓળખવામાં મદદરૂપ થાય છે. જો કોઈ ખાદ્ય પદાર્થમાં નુકસાનકારક તત્વો મળી આવે તો તે બજારમાં પહોંચે તે પહેલાં જ નિયંત્રણમાં લઈ શકાય છે. આ રીતે ફૂડ લેબોરેટરી ગ્રાહકોના આરોગ્યની સુરક્ષા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ભેળસેળ રોકવામાં ફૂડ લેબોરેટરીની ભૂમિકા :

ભારતમાં ખાદ્ય ભેળસેળ એક લાંબા સમયથી ચાલતી સમસ્યા છે. દૂધમાં ડિટર્જન્ટ, મસાલામાં કૃત્રિમ રંગ, ઘીમાં વનસ્પતિ તેલ, મધમાં ખાંડની ચાસણી જેવી અનેક પ્રકારની ભેળસેળના કિસ્સાઓ સમયાંતરે સામે આવે છે. ફૂડ લેબોરેટરીમાં કરવામાં આવતા આધુનિક પરીક્ષણો દ્વારા આવી ભેળસેળને સરળતાથી શોધી શકાય છે. પરિણામે ખોટા ઉત્પાદકો સામે કાર્યવાહી શક્ય બને છે અને ગ્રાહકો સુધી શુદ્ધ ખોરાક પહોંચે છે. ભેળસેળ સામેની લડતમાં ફૂડ લેબોરેટરી એક મજબૂત હથિયાર તરીકે કાર્ય કરે છે.

ફૂડ ઈન્ડસ્ટ્રી માટે ગુણવત્તા નિયંત્રણનું કેન્દ્ર :

કોઈપણ ફૂડ મેન્યુફેક્ચરિંગ કંપની માટે ગુણવત્તા જ તેની સૌથી મોટી ઓળખ હોય છે. જો ઉત્પાદનની ગુણવત્તા જાળવવામાં ન આવે તો ગ્રાહકોનો વિશ્વાસ ઝડપથી ઘટી શકે છે. ફૂડ લેબોરેટરી ઉત્પાદકોને તેમની પ્રોડક્ટની ગુણવત્તા સતત જાળવવામાં મદદ કરે છે. કાચા માલથી લઈને તૈયાર ઉત્પાદન સુધી વિવિધ તબક્કાઓમાં પરીક્ષણો કરવામાં આવે છે. આ પરીક્ષણોના આધારે કંપનીઓ પોતાના ઉત્પાદનોમાં જરૂરી સુધારા કરી શકે છે અને ઉચ્ચ ગુણવત્તા જાળવી શકે છે.

FSSAI નિયમોનું પાલન કરવા માટે જરૂરી :

ભારતમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI) દ્વારા ખાદ્ય

સુરક્ષા સંબંધિત નિયમો બનાવવામાં આવ્યા છે. દરેક ફૂડ બિઝનેસ ઓપરેટર માટે આ નિયમોનું પાલન કરવું ફરજિયાત છે. FSSAI લાઇસન્સ, પ્રોડક્ટ મંજૂરી અને નિયમનકારી પ્રક્રિયાઓ દરમિયાન ઘણી વખત ફૂડ ટેસ્ટિંગ રિપોર્ટ જરૂરી બને છે. આવી સ્થિતિમાં માન્યતા પ્રાપ્ત ફૂડ લેબોરેટરીની સેવાઓ ખૂબ મહત્વની બની જાય છે.

ફૂડ લેબોરેટરી દ્વારા મળતા પ્રમાણિત રિપોર્ટ્સ વ્યવસાયોને કાયદાકીય પાલનમાં મદદ કરે છે.

નિકાસ માટે ફૂડ ટેસ્ટિંગનું મહત્વ :

ભારતીય ખાદ્ય ઉત્પાદનોની વૈશ્વિક માંગ સતત વધી રહી. મસાલા, ચા, કૉફી, તૈયાર ખાદ્ય પદાર્થો અને કૃષિ ઉત્પાદનો વિશ્વના અનેક દેશોમાં નિકાસ થાય છે. પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવેશ મેળવવા માટે ઉત્પાદનોને કડક ગુણવત્તા માપદંડો પૂર્ણ કરવા પડે છે. ઘણી વખત આયાત કરનાર દેશો ફૂડ ટેસ્ટિંગ સર્ટિફિકેટ માંગે છે.

ફૂડ લેબોરેટરી દ્વારા કરવામાં આવતા પરીક્ષણો ઉત્પાદકોને વૈશ્વિક ધોરણો પૂર્ણ કરવામાં મદદરૂપ થાય છે, જેના કારણે નિકાસની તકો વધે છે.

ગ્રાહકોમાં વિશ્વાસ વધારવામાં મદદરૂપ :

આજનો ગ્રાહક માત્ર સ્વાદ જ નહીં પરંતુ સુરક્ષા અને ગુણવત્તાને પણ મહત્વ આપે છે. જો કોઈ બ્રાન્ડ પોતાના ઉત્પાદનોનું નિયમિત પરીક્ષણ કરાવે અને તેની માહિતી ગ્રાહકો સાથે શેર કરે તો ગ્રાહકોમાં વિશ્વાસ વધે છે. વિશ્વાસ એ કોઈપણ ફૂડ બ્રાન્ડની સૌથી મોટી મૂડી છે. ફૂડ લેબોરેટરી દ્વારા પ્રમાણિત ગુણવત્તા ગ્રાહકોને ખરીદી માટે પ્રેરિત કરે છે અને લાંબા ગાળાના સંબંધો બનાવે છે.

નવી પ્રોડક્ટ ડેવલપમેન્ટમાં મહત્વપૂર્ણ યોગદાન :

ફૂડ ઇન્ડસ્ટ્રીમાં સતત નવી પ્રોડક્ટ્સ વિકસાવવામાં આવે છે. નવી રેસીપી, નવા ફ્લેવર્સ અને નવીન ફૂડ ઉત્પાદનો બજારમાં લાવવા માટે વૈજ્ઞાનિક અભિગમ જરૂરી છે.

સુરક્ષિત આહાર, તંદુરસ્ત પરિવારના સંકલ્પને સિદ્ધ કરવામાં ફૂડ લેબની ભૂમિકા ભૂમિકા સદા સર્વોપરી રહેશે.

ફૂડ લેબોરેટરી પ્રોડક્ટ ડેવલપમેન્ટ દરમિયાન પોષક મૂલ્ય, શેલ્ફ લાઇફ, માઇક્રોબાયોલોજીકલ સલામતી અને ગુણવત્તાનું મૂલ્યાંકન કરે છે. આ પ્રક્રિયા દ્વારા કંપનીઓ વધુ સુરક્ષિત અને ગ્રાહકમૈત્રી ઉત્પાદનો વિકસાવી શકે છે.

શેલ્ફ લાઇફ નક્કી કરવામાં મદદ :

ઘણા ઉત્પાદકો માટે શેલ્ફ લાઇફ નક્કી કરવી એક પડકારરૂપ બાબત હોય છે. ખોરાક કેટલા સમય સુધી સુરક્ષિત રહેશે તે જાણવા માટે વૈજ્ઞાનિક પરીક્ષણ જરૂરી છે.

ફૂડ લેબોરેટરી વિવિધ પરિસ્થિતિઓમાં ઉત્પાદનોનું પરીક્ષણ કરીને તેની વાસ્તવિક શેલ્ફ લાઇફ નક્કી કરવામાં મદદ કરે છે. આ માહિતી પેકેજિંગ પર યોગ્ય રીતે દર્શાવવાથી ગ્રાહકોને પણ લાભ મળે છે.

જાહેર આરોગ્યની સુરક્ષા માટે અનિવાર્ય :

ખાદ્યજન્ય રોગો (Foodborne Diseases) સમગ્ર વિશ્વ માટે ગંભીર પડકાર છે. દૂષિત ખોરાકના કારણે ઝાડા, ઉલ્ટી, ફૂડ પોઇઝનિંગ અને અન્ય ગંભીર બીમારીઓ થઈ શકે છે. ફૂડ લેબોરેટરી ખાદ્ય પદાર્થોમાં રહેલા જોખમી સૂક્ષ્મજીવો અને રસાયણોની ઓળખ કરીને આવા જોખમોને ઘટાડવામાં મદદ કરે છે. આ રીતે ફૂડ લેબોરેટરી માત્ર ફૂડ ઇન્ડસ્ટ્રી માટે જ નહીં પરંતુ સમગ્ર સમાજના આરોગ્ય માટે પણ મહત્વપૂર્ણ છે.

આધુનિક ટેકનોલોજી અને ફૂડ લેબોરેટરી :

આજની ફૂડ લેબોરેટરીઓમાં અત્યાધુનિક સાધનોનો ઉપયોગ થાય છે. અદ્યતન ટેકનોલોજીઓ દ્વારા ખૂબ જ ચોક્કસ પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. આ ટેકનોલોજી માત્ર પરીક્ષણની ચોકસાઈ જ વધારતી નથી પરંતુ ઓછા સમયમાં વિશ્વસનીય પરિણામો પણ ઉપલબ્ધ કરાવે છે. ટેકનોલોજીના વિકાસ સાથે ફૂડ લેબોરેટરીઓની કાર્યક્ષમતા સતત વધી રહી છે.

ભવિષ્યમાં ફૂડ લેબોરેટરીનું વધતું મહત્વ :

જેમ જેમ ગ્રાહકોમાં જાગૃતિ વધશે તેમ ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તા અંગેની અપેક્ષાઓ પણ વધશે. ભવિષ્યમાં ટ્રેસેબિલિટી, ઓર્ગેનિક ફૂડ વેરિફિકેશન, એલર્જન ટેસ્ટિંગ અને ઝડપી પરીક્ષણ પદ્ધતિઓનું મહત્વ વધુ વધશે. આ તમામ ક્ષેત્રોમાં ફૂડ લેબોરેટરીઓ કેન્દ્રસ્થાને રહેશે. ફૂડ ઇન્ડસ્ટ્રીના વિકાસ સાથે ફૂડ ટેસ્ટિંગની માંગ પણ સતત વધવાની સંભાવના છે.

ફૂડ લેબોરેટરી આજના ખાદ્ય ક્ષેત્રનું એક અનિવાર્ય અંગ છે. ગ્રાહકોના આરોગ્યની સુરક્ષા, ભેળસેળ સામે નિયંત્રણ, ગુણવત્તા જાળવણી, કાયદાકીય પાલન, નિકાસ પ્રોત્સાહન અને નવી પ્રોડક્ટ ડેવલપમેન્ટ જેવા અનેક ક્ષેત્રોમાં તેની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ખોરાક એ દરેક ગ્રાહકનો અધિકાર છે. આ અધિકારને વાસ્તવિકતા બનાવવામાં ફૂડ લેબોરેટરી એક મજબૂત આધારસ્તંભ તરીકે કાર્ય કરે છે. ફૂડ ઇન્ડસ્ટ્રીના સતત વિકાસ અને ગ્રાહકોના વધતા વિશ્વાસ માટે ફૂડ લેબોરેટરીનું મહત્વ ભવિષ્યમાં વધુને વધુ વધતું રહેશે. ટૂંકમાં કહીએ તો, ફૂડ લેબોરેટરી એ માત્ર વિજ્ઞાનની શાળાઓ નથી, પરંતુ તે દેશના કરોડો નાગરિકોના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુની ગેરંટી આપતું પવિત્ર કેન્દ્ર છે.

રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સનો આઇસક્રીમ ઉદ્યોગમાં પ્રવેશ

ભારતનો આઇસ્ક્રીમ ઉદ્યોગ છેલ્લા કેટલાક વર્ષોમાં ઝડપથી વિકસ્યો છે. વધતી આવક, બદલાતી જીવનશૈલી અને યુવા ગ્રાહકોમાં આઇસ્ક્રીમની વધતી લોકપ્રિયતાને કારણે આ ક્ષેત્રમાં મોટી તકો ઊભી થઈ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની FMCG કંપની રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ (RCPL) એ તેની નવી બ્રાન્ડ બોમ્બે ક્રીમરીના લોન્ચિંગની જાહેરાત કરી છે, જે દેશના ઝડપથી વધી રહેલા આઇસક્રીમ માર્કેટમાં તેના વ્યૂહાત્મક પ્રવેશને અંકિત કરે છે.

રિલાયન્સનો આ પ્રવેશ ભારતીય આઇસ્ક્રીમ બજારમાં સ્પર્ધાને વધુ તીવ્ર બનાવે તેવી શક્યતા છે. કંપની તેની મજબૂત વિતરણ વ્યવસ્થા, વિશાળ રિટેલ નેટવર્ક અને આકર્ષક કિંમતની વ્યૂહરચનાના આધારે બજારમાં સ્થાન બનાવવાનો પ્રયાસ કરી રહી છે. ખાસ કરીને નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચ વધારવી કંપની માટે મહત્વપૂર્ણ બની શકે છે.

ભારતમાં અનેક નામી જાણીતી બ્રાન્ડ્સ પહેલેથી જ મજબૂત સ્થિતિ ધરાવે છે. તેથી રિલાયન્સ માટે ગ્રાહકોનો વિશ્વાસ મેળવવો અને ગુણવત્તા જાળવીને સ્પર્ધાત્મક કિંમતે ઉત્પાદન ઉપલબ્ધ કરાવવું કદાચ મોટો પડકાર બની બની શકે. રિલાયન્સનો આઇસ્ક્રીમ ઉદ્યોગમાં પ્રવેશથી ગ્રાહકોને વધુ વિકલ્પો, નવી ફ્લેવર્સ અને સ્પર્ધાત્મક કિંમતોનો લાભ મળી શકે છે. સાથે સાથે અન્ય કંપનીઓને પણ નવીનતા અને ગુણવત્તા સુધારવા માટે પ્રોત્સાહન મળશે.

રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડના ડિરેક્ટર જણાવ્યું હતું કે, અમે બોમ્બે ક્રીમરીની રચના એક એવા સરળ વિચાર સાથે કરી છે કે ડેરી પ્રોડક્ટ્સમાં શોર્ટકટ્સની જરૂર ન હોવી જોઈએ. RCPL માત્ર આઇસક્રીમ ક્ષેત્રમાં પ્રવેશ નથી કરી રહી - પરંતુ અમે તેના માટે કટિબદ્ધ છીએ. અસલી ડેરી ક્રીમમાંથી નિર્મિત બોમ્બે ક્રીમરી પ્રોડક્ટ્સ દરેક ભારતીય પરિવારને કિફાયતી દરે, હંમેશા અસલી આઇસક્રીમના વાસ્તવિક સ્વાદના વચનની ખાતરી આપે છે.

રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની એફએમસીજી પાંખ તરીકે ગ્રાહકોની દૈનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ગુણવત્તાસભર અને વ્યાજબી કિંમતના ઉત્પાદનો ઉપલબ્ધ કરાવવાના મિશન સાથે કાર્યરત છે. તેથી નવતર સંશોધન, ગ્રાહક સંતોષ અને મજબૂત વિતરણ માળખાના આધારે કંપની વિવિધ ગ્રાહક વર્ગ સુધી વિશ્વસ્તરીય અને મૂલ્ય આધારિત ઉત્પાદનો પહોંચાડવા સક્ષમ છે.

भारत में फूड लाइसेंस : एक पूरी गाइड – रजिस्ट्रेशन, लाइसेंस, दस्तावेज़, फीस और फूड लाइसेंस के फायदे

Knowledge Corner

भारत में फूड इंडस्ट्री को फूड सेफ्टी एंड स्टैंडर्ड्स अथॉरिटी ऑफ़ इंडिया (FSSAI) रेगुलेट करती है, जो फूड प्रोडक्ट्स की सेफ्टी और क्वालिटी पक्का करती है। भारत में फूड बिज़नेस चलाने के लिए, FSSAI लाइसेंस लेना ज़रूरी है। भारत में फूड लाइसेंस के बारे में आपको जो कुछ भी जानना चाहिए, वह सब यहाँ है।

FSSAI लाइसेंस के प्रकार :

आपके बिज़नेस के साइज़ और नेचर के आधार पर, FSSAI लाइसेंस मुख्य रूप से तीन तरह के होते हैं :

बेसिक FSSAI रजिस्ट्रेशन :

छोटे फूड बिज़नेस के लिए जिनका सालाना टर्नओवर रु १.५ करोड़ तक है। छोटे फूड मैन्युफैक्चरर, छोटे रिटेलर और होम फूड मैन्युफैक्चरर के लिए सही है।

स्टेट FSSAI लाइसेंस :

मीडियम साइज़ के फूड बिज़नेस के लिए जिनका सालाना टर्नओवर रु १.५ करोड़ से अधिक और रु ५० करोड़ के बीच है। एक ही राज्य में चलने वाले बिज़नेस के लिए ज़रूरी है।

सेंट्रल FSSAI लाइसेंस :

बड़े फूड बिज़नेस के लिए जिनका सालाना टर्नओवर रु ५० करोड़ से अधिक है या जो कई राज्यों में चल रहे हैं। इंपोर्टर्स, एक्सपोर्टर्स और फूड एडिटिव्स या नए फूड से जुड़े बिज़नेस के लिए ज़रूरी है।

एलिजिबिलिटी क्राइटेरिया :

फूड बिज़नेस से जुड़ा कोई भी व्यक्ति या संस्था, जिसमें शामिल हैं :

- रेस्टोरेंट, होटल और केटरर
- फूड मैन्युफैक्चरर, प्रोसेसर और पैकर
- फूड ट्रांसपोर्टर और स्टोरेज फैसिलिटी
- ऑनलाइन फूड डिलीवरी सर्विस और स्विगी या ज़ोमैटो जैसे ई-कॉमर्स प्लेटफॉर्म
- छोटे फूड बिज़नेस, स्ट्रीट वेंडर और हॉकर

ज़रूरी डॉक्यूमेंट्स :

FSSAI लाइसेंस के लिए ज़रूरी डॉक्यूमेंट्स व्यवसाय का प्रकार, उत्पाद, व्यावसायिक गतिविधि और लागू नियम-कानून, लाइसेंस के टाइप के हिसाब से अलग-अलग होते हैं।

- बेसिक रजिस्ट्रेशन :

फोटो ID प्रूफ, एड्रेस प्रूफ और बिज़नेस डिटेल्स

- स्टेट लाइसेंस :

फॉर्म B, फूड सेफ्टी प्लान, बिज़नेस रजिस्ट्रेशन और लेआउट प्लान

- सेंट्रल लाइसेंस : स्टेट लाइसेंस के लिए ज़रूरी सभी डॉक्यूमेंट्स, साथ ही IEC कोड, टर्नओवर प्रूफ और रिकॉल प्लान

Bhavya Raichada

Since 2012
FRIGATE IMEX
We Navigate Your Venture
Rajkot. +91 88 6666 4811

FSSAI लाइसेंस लेने के फायदे :

FSSAI लाइसेंस लेने से कई फायदे मिलते हैं, जिनमें शामिल हैं।

- कम्प्लायंस : फूड सेफ्टी स्टैंडर्ड्स का कम्प्लायंस पक्का करता है।
- कस्टमर ट्रस्ट : कस्टमर्स के बीच क्रेडिबिलिटी और कॉन्फिडेंस बनाता है
- बिज़नेस ग्रोथ :ब्रांड रेप्युटेशन बढ़ाता है और एक्सपेंशन को आसान बनाता है
- फंड तक एक्सेस : इन्वेस्टमेंट और फंडिंग हासिल करने में आसानी

नॉन-कम्प्लायंस के लिए पेनल्टी :

बिना FSSAI लाइसेंस के फूड बिज़नेस चलाने पर ये हो सकता है।

- रु ५ लाख तक का जुर्माना और ६ महीने तक की कैद हो सकती है
- बिज़नेस बंद करने का ऑर्डर
- प्रोडक्ट ज़ब्त करना
- कानूनी कार्रवाई

आखिर में, भारत में किसी भी फूड बिज़नेस के लिए FSSAI लाइसेंस लेना बहुत ज़रूरी है। यह फूड सेफ्टी नियमों का पालन पक्का करता है, कस्टमर का भरोसा बढ़ाता है और बिज़नेस को बढ़ाने में मदद करता है। फूड लाइसेंस कंसल्टेंट भारत में बिज़नेस को FSSAI लाइसेंस दिलाने में मदद करने में अहम भूमिका निभाते हैं। वे इस तरह मदद कर सकते हैं।

फूड लाइसेंस कंसल्टेंट द्वारा दी जाने वाली सर्विस :

लाइसेंस की ज़रूरतों का असेसमेंट :

कंसल्टेंट बिज़नेस के साइज़, टर्नओवर और ऑपरेशन के आधार पर ज़रूरी लाइसेंस का टाइप तय करते हैं।

डॉक्यूमेंट तैयार करना :

वे पक्का करते हैं कि सभी ज़रूरी डॉक्यूमेंट सही और पूरे हों, जिससे रिजेक्ट होने का चांस कम हो जाता है।

एप्लीकेशन फाइलिंग :

कंसल्टेंट सबमिशन प्रोसेस को मैनेज करते हैं, प्रोग्रेस को ट्रैक करते हैं, और पालन पक्का करते हैं।

इंस्पेक्शन सपोर्ट :

वे बिज़नेस को इंस्पेक्शन की तैयारी के लिए गाइड करते हैं और पक्का करते हैं कि जगह फूड सेफ्टी स्टैंडर्ड को पूरा करती है।

एक्सपर्ट गाइडेंस :

कंसल्टेंट FSSAI नियमों के बारे में जानकारी देते हैं, यह पक्का करते हैं कि बिज़नेस सभी ज़रूरतों को पूरा करते हैं।

लाइसेंस के बाद सपोर्ट :

वे रिन्यूअल, बदलाव और कम्प्लायंस से जुड़े मामलों में मदद करते हैं।

फूड लाइसेंस कंसल्टेंट को हायर करने के फ़ायदे :

समय की बचत :

कंसल्टेंट कानूनी काम संभालते हैं, जिससे बिज़नेस मालिक ऑपरेशन पर ध्यान दे पाते हैं।

बिना गलती के डॉक्यूमेंटेशन :

वे पक्का करते हैं कि डॉक्यूमेंट सही हों, जिससे रिजेक्शन का खतरा कम हो जाता है।

रेगुलेटरी कम्प्लायंस :

कंसल्टेंट बिज़नेस को FSSAI रेगुलेशन के बारे में अपडेट रखते हैं, जिससे कम्प्लायंस पक्का होता है।

आसान रिन्यूअल प्रोसेस :

वे समय पर रिन्यूअल में मदद करते हैं, जिससे पेनल्टी नहीं लगती।

एप्लीकेशन प्रोसेस :

FSSAI लाइसेंस पाने के लिए, ये स्टेप्स फ़ॉलो करें

१. FoSCoS पोर्टल पर एक अकाउंट बनाएं
२. अपने बिज़नेस के हिसाब से सही लाइसेंस टाइप चुनें
३. ऑनलाइन एप्लीकेशन फ़ॉर्म (फ़ॉर्म A या फ़ॉर्म B) भरें
४. ज़रूरी डॉक्यूमेंट अपलोड करें
५. लागू फ़ीस दें
६. एप्लीकेशन सबमिट करें और उसका स्टेटस ट्रैक करें

वैलिडिटी :

FSSAI रजिस्ट्रेशन नंबर जीवन भर के लिए मान्य होता है, लेकिन लाइसेंस को ज़रूरी फ़ीस और लागू होने पर पेनल्टी देकर कभी भी रिन्यू कराया जा सकता है; इसकी वैधता १, ३ या ५ साल हो सकती है। साथ ही, FSSAI द्वारा समय-समय पर निर्धारित लाइसेंस/रजिस्ट्रेशन से संबंधित शुल्क, संशोधन, वार्षिक रिटर्न या अन्य लागू अनुपालन का पालन करना आवश्यक हो सकता है।

अधिक जानकारी या मार्गदर्शन के लिए Frigate Imex से संपर्क करें।

konark®
Pouch Packing, Mixer, Liquid & Pest Filling, Continue Beg Sealing, Vaccum Pack & Lathe Machine .
– Uses In –
TEA, TOBACCO, SUPARI, PAN MASALA, NAMKIN TYPE, GRANULE OR NON FREE PRODUCTS HINE, POWDER, TURMERIC, CHILLY, CORIANDER CUMIN POWDER, WASHING POWDER, LIQUID SHAMPOO OIL, PEST, CREAM OR OTHER SIMILAR PRODUCTS.
Central And Three Side Pouch Packing Machine, Cap. 1gr. To 1kg.
Liquid & Pest (cream) Pouch Packing Machine, Cap. 1gr.to 250gr.
Mobile Hoper
Use for Tea Mobile Hopper Cap. 450/500 kg.
Z Elevator Size as Per Requirement
Mixer Machine M.S./ Full S.S.
Chain Conveyer Use 1 Pic Packing Machine
Mixer Machine : Ues For Tea, Namkin, Washing Powder, Spices, Granul Etc. Capacity - 50, 100, 250 And 500 Kg.
MINAR®
HEAVY DUTY LATHE MACHINE, BENCH VICE, , SHAPING, WORKSHOP MACHINERY
Small size Packing Machine only 3 feet height
Granule, Liquid / Pest Filling Machine Cup Filler, Weight Filler & Strings Type Cap. :- 5 To 1000 Ml. Liquid, Granule Cap. Weight Filler 100gr. To 50 Kg. As Pre Req.
Pneumatic Pouch Packing machine Cap.10 to 500 gr.
Filling Machine Two Head Cap.50 to 500 gr.
Kirti Enterprise
"Kavery" 20- Samrat Industrial Area, B/h. S. T. Workshop, Near Gondal Road, Rajkot - 360004. Email : Konark113@gmail.com
Web : www.konarkrjt.com | www.konarkrjt.in | http://packagingmachine.video/
Contact No. +91 92276 00113 | +91 92277 00113
Fri & Roasted Pan
Size 900mm, 1200mm & 1500mm
Roll Winder Machine
Size 400mm or as per Requirement

MAA BALVI PACKAGING

MANUFACTURE & EXPORTER

MFG. BY : ALL TYPE OF PACKAGING MACHINERY

"Maa Balvi Packaging" is a distinguished manufacturer of a wide range of Sealing Machines, Shrink Wrapping Machine, Web Sealer Shrink Machine and many more. Founded in the year 2013, we are a Sole Proprietorship company that is incepted with an objective of providing high-quality products in diverse specifications within the scheduled time period. Situated in Rajkot (Gujarat, India). We manufacture the products in accordance with set industry norms. Under the headship of "Mr. Mahendra Khatri", **Maa Balvi Packaging** has gained a huge clientele in our country.

Sleeve Wrapping Machine Web Sealer

200 ml to 600 ml

CHAMBER SIZE	L-36" X B-18" X H-12"
MACHINE SIZE	L-60" X B-26"X H-48"
COOLING CHAMBER SIZE	L-10" X B-18" X H-12"
WEB SEALER SIZE	L-32" X B-26" X H-62"
WEB SEALER WINDOW SIZE	L-6" X B-22" X H-12"

Sleeve Wrapping Machine Web Sealer

200 ml to 1.2 ltr

CHAMBER SIZE	L-36" X B-20" X H-14"
MACHINE SIZE	L-66" X B-28" X H-50"
COOLING CHAMBER SIZE	L-10" X B-20" X H-14"
WEB SEALER SIZE	L-34" X B-28" X H-66"
WEB SEALER WINDOW SIZE	L-6" X B-24" X H-14"

Sleeve Wrapping Machine Web Sealer

Heavy Duty

200 ml to 2.5 ltr

CHAMBER SIZE	L-42" X B-22" X H-16"
MACHINE SIZE	L-78" X B-32" X H-54"
COOLING CHAMBER SIZE	L-12" X B-22" X H-16"
WEB SEALER SIZE	L-36" X B-30" X H-70"
WEB SEALER WINDOW SIZE	L-6" X B-26" X H-16"

Shrink Machine

8" x 8" x 24" x 36"

Model	: Micro
Power	: 1 ph. / 3 ph + N
Machine Size	: 36" x 16" x 30"
Tunnel Size	: 24" x 8" x 8"
Heater Watt	: 3000
Conveyor Speed	: Variable

Fully Automatic Single Line Bottle Group Packing Machine

200 ml to 2.25 ltr

All in One Packing

MACHINE SIZE:	L-46" X B-32" X H-70"
WINDOW SIZE:	L-6" X B-22" X H-16"
WEB SEALER :	26" X 16"
MACHINE SIZE:	L-78" X W-30"XH-54"
CHAMBER SIZE :	L-42" X W-22" X H-16"
COOLING CHAMBER SIZE:	L-12" X W-22"XH-16"

Shrink Machine

14" x 17" x 36" x 60"

Model	: Teen Packing
Power	: 1 ph. / 3 ph + N
Machine Size	: 60" x 22" x 56"
Tunnel Size	: 36" x 14" x 17"
Heater Watt	: 7500
Conveyor Speed	: Variable

Shrink Machine

14" x 10" x 30" x 48"

Model	: Champion
Power	: 1 ph. / 3 ph + N
Machine Size	: 48" x 20" x 50"
Tunnel Size	: 30" x 14" x 10"
Heater Watt	: 6000
Conveyor Speed	: Variable

Shrink Machine

12" x 8" x 24" x 42"

Model	: Mini
Power	: 1 ph. / 3 ph + N
Machine Size	: 42" x 20" x 34"
Tunnel Size	: 12" x 8" x 24"
Heater Watt	: 4500
Conveyor Speed	: Variable

Shrink Machine

16" x 16" x 36" x 60"

Model	: Box Packing
Power	: 1 ph. / 3 ph + N
Machine Size	: 60" x 24" x 54"
Tunnel Size	: 36" x 16" x 16"
Heater Watt	: 11250
Conveyor Speed	: Variable

FOLLOW US ON

Survey No. 402 Umakant Pandit Udhyog Nagar,
Gulabwadi Main Road, Rajkot - 360004.

www.maabalvipackaging.com
mbprajkot9@gmail.com

Contact : +91 96876 99922, +91 89805 99922

ASIA'S LARGEST FOOD INDUSTRY EXHIBITION

With **16th** edition of

FOOD MECH

THE LARGEST FOOD INDUSTRY EXHIBITION

Food Industry Ka

अमृत महोत्सव

12-13-14-15
February - 2027

VANITA VISHRAM, SURAT.

500+ Exhibitors | **7 LAKH+** Visitors

FOOD PROCESSING MACHINERY

PACKAGING SOLUTIONS

COLD CHAIN & REFRIGERATION

FOOD INGREDIENTS

FOOD SERVICE & HOSPITALITY

ORGANIZE BY
Janki CORPORATION

DESIGN & DEVELOP PARTNER
Skill Code.Ai Solution & Institute

MEDIA PARTNER
A Talk About Food Industry... FOOD NI VAAT MAGAZINE

CONTACT PIYUSH SALIYA : +91 98981 23103, +91 98980 72103, +91 98980 36959

અંકુરિત અનાજ : પોષણ વધારવાની કુદરતી રીત

આહારની વાત

'નાનો અંકુર, મોટું પોષણ કુદરતની સરળ પ્રક્રિયાને બનાવીએ સ્વસ્થ જીવનનો એક ભાગ !'

આપણા રોજિંદા આહારમાં ઘઉં, બાજરી, રાગી, જવ, મગ, ચણા અને મઠ જેવા અનાજ તથા કઠોળનું મહત્વનું સ્થાન છે. તે ઊર્જા, પ્રોટીન, ફાઈબર, વિટામિન્સ અને ખનિજ તત્ત્વોના સારા સ્ત્રોત છે. આ જ અનાજ અને કઠોળને યોગ્ય રીતે અંકુરિત (Germinate) કરીને ખાવામાં આવે ત્યારે તેમાં રહેલા પોષક તત્ત્વોની ઉપલબ્ધતા, પાચ્યતા અને જૈવિક ગુણધર્મોમાં સકારાત્મક ફેરફાર થઈ શકે છે.

અંકુરણ : કુદરતી જૈવિક પ્રક્રિયા

અંકુરણ એટલે બીજમાંથી નવા છોડના વિકાસની શરૂઆત. જ્યારે સૂકા બીજને યોગ્ય પ્રમાણમાં પાણી, ભેજ, તાપમાન અને સમય મળે છે ત્યારે તે પાણી શોષીને ફૂલે છે અને તેની સુષુપ્ત જૈવિક પ્રક્રિયાઓ સક્રિય બને છે. આ દરમિયાન એમાઈલેઝ, પ્રોટીએઝ અને લિપેઝ જેવા એન્ઝાઈમ્સ સક્રિય થાય છે. એમાઈલેઝ સ્ટાર્ચને સરળ શર્કરામાં, જ્યારે પ્રોટીએઝ પ્રોટીનને નાના પેઈડ્સ અને એમિનો એસિડમાં તોડવામાં મદદ કરે છે. આ કુદરતી એન્ઝાઈમેટિક પ્રક્રિયાઓને એક પ્રકારની 'કુદરતી બાયોકેમિકલ ફેક્ટરી' કહી શકાય.

અંકુરણ દરમિયાન કેટલાક અનાજ અને કઠોળમાં ફાઈટિક એસિડ, ટૅનિન અને અન્ય એન્ટી-ન્યુટ્રિશનલ પરિબળોમાં ઘટાડો થઈ શકે છે. પરિણામે આયર્ન, ઝિંક, કેલ્શિયમ અને મેગ્નેશિયમ જેવા ખનિજ તત્ત્વોની જૈવઉપલબ્ધતા (Bioavailability) સુધારવામાં મદદ મળી શકે છે. કેટલાક અનાજ અને કઠોળમાં B-સમૂહના વિટામિન્સ તથા ફિનોલિક સંયોજનો અને એન્ટીઓક્સિડન્ટ પ્રવૃત્તિમાં પણ ફેરફાર જોવા મળી શકે છે. જોકે આ અસર અનાજની જાત, પલાળવાનો સમય, અંકુરણનો સમય, તાપમાન અને ભેજ જેવી પરિસ્થિતિઓ પર આધાર રાખે છે.

અંકુરણની યોગ્ય પદ્ધતિ અને ખાદ્ય સુરક્ષા :

